**<u>ફોજદારી કેસ નં.:૧૯૭/૨૦૧૬</u>**

**<u>-: આંક-૧ લગત હુકમ :-</u>**

**(૧) હાલના કેસની હકીકત એવી છે કે, આરોપી કોઈ પાસ પરમીટ કે આધાર વગર જાહેરમાં કેફી પદાર્થ પી મળી આવતા આરોપી સામે પ્રોહી. એકટની કલમ-૬૬(૧)(બી),૮૫(૧)(૩) મુજબ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.**

**(૨) આ કામમાં આરોપીને <u>તા.૭/૧૧/૧૫</u> નારોજ ઉપરોકત કાયદાની જોગવાઈનો ભંગ કર્યા સબબ અટકાયત કરી તબીબી સમક્ષ રજુ કરવામાં આવેલ છે. આરોપીને તબીબી અધિકારી દવારા તે જ દિવસે તપાસવામાં આવેલ છે અને તેઓનુ લોહી મુંબઈ પ્રોહીબીશન મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ રુલ-૧૯૫૯ ની જોગવાઈઓ મુજબ લઈને ન્યાય સહાયક પ્રયોગશાળાને પૃથ્થકરણ અર્થે લેટર નં. <u>૯૬૦/૧૧/૧૫</u> તારીખ <u>૭/૧૧/૧૫</u> થી મોકલવામાં આવેલ છે. આ કામમાં રજુ કરવામાં આવેલ ફોર્મ-સી વંચાણે લેતા ન્યાય સહાયક પ્રયોગશાળાને પૃથ્થકરણ અર્થે મોકલવામાં આવેલ લોહી તારીખ <u>૨૬/૧૧/૧૫</u> નારોજ પહોંચાડવામાં આવેલ છે. એટલે કે ૭-દિવસમાં ટેસ્ટીંગ ઓફિસરને લોહી મળેલ નથી.**

**(૩) હવે જો આપણે મુંબઈ નશાબંધી (ડોકટરી તપાસ અને લોહીની ચકાસણી) નિયમો ૧૯૫૯ ના નિયમ ૪(૨) જોઈએ તો-**

**નિયમ-૪ લોહી એકત્ર કરવાની તથા આગળ મોકલવાની રીતઃ**

**(૧) .................**

**(૨) પેટા કલમ(૧) માં દર્શાવેલ રીતે શીશીમાં લીધેલ લોહીનો નમુનો ચકાસવા માટે આવુ લોહી લીધાની તારીખથી સાત દિવસની અંદર ટેસ્ટીંગ ઓફિસરને મળી જાય તે રીતે પોસ્ટ મારફત અથવા ખાસ સંદેશાવાહક સાથે મોકલાવવવુ જોઈએ અને તેની સાથે ફોર્મ-બી માં એક પત્ર સામેલ કરવો કે જેમાં નમુનાનુ લીધેલ લોહીની શીશીને સીલ કરવા માટે વાપરેલ સીલ તથા મોનોગ્રામની પ્રતિકૃતિ(આબેહુબ નકલ) હોવી જોઈએ.**

**(૪) નામ. ગુજરાત વડી અદાલતે ૧૯૯૦(૨) ગુજરાત લોહેરેટલ્સ પાના નં.૪૫૧ ગુજરાત રાજય વિરુધ્ધ બાપુજી સવાજીભાઈના કેસમાં પ્રતિપાદિત કરવામાં આવેલ સિધ્ધાંતને લક્ષમાં લેતા લીધેલ નમુનો સાત દિવસની અંદર પ્રયોગશાળામાં પહોંચી જવો જોઈએ અને ગુજરાત વડી અદાલત દવારા ઠરાવેલ સિધ્ધાંતો મુજબ રુલ-૪(૨) ની જોગવાઈઓ મેન્ડેટરી છે અને જો આરોપીનુ બ્લડ ૭-દિવસમાં પ્રયોગશાળામાં મોકલવામાં આવેલ ન હોય તો એનો લાભ આરોપીને મળશે.**

**(૫) હાલના કિસ્સામાં ફોર્મ-એ, ફોર્મ-બી, ફોર્મ-સી ધ્યાને લેતા નિયમ-૪(૨) નો સ્પષ્ટ ભંગ થાય છે અને જો આખી ટ્રાયલ ચાલી જાય તોપણ આરોપી નિયમ-૪(૨) નો ભંગ થવાના કારણે દોષી ઠરાવી શકાય નહિં. વધુમાં અદાલતનો કિંમતી સમય પણ વ્યર્થ જશે.**

**(૬) તે સંજોગોમાં જો આપણે સી.આર.પી.સી. કલમ-૨૫૮ જોઈએ તો,**

258- <u>Power to stop proceedings in certain cases.</u>

In any summons-case instituted otherwise than upon compklaint, a

Magistrate of the first class or, with the previous sanction of the Chief Judicial Magistrate, any other Judicial Magistrate, may, for reasons to be recorded by him, stop the proceedings at any stage without pronouncing any judgment and where such stoppage of proceedings is made after the evidence of the principal witnesses has been recorded, pronounce a judgment of acquittal, and in any other case release the accused, and such release shall have the effect of discharge.

**(૭) કલમ–૨૫૮ હેઠળ કોર્ટ પાસે સતતા છે કે જો કોર્ટ પાસે પૂરતા કારણ હોય તો ચુકાદો આપ્યા વગર પણ કેસની કાર્યવાહીને રોકી શકે છે અને જો અદાલત દવારા કેસની પ્રોસીડીંગ્સ રોકવામાં આવે તો આરોપી ડીસ્ચાર્જ અથવા નિર્દોષ છુટી શકાય છે.**

**(૮) આમ તો દર કેસની ટ્રાયલ પૂરી થવી જોઈએ પરંતુ હાલના કિસ્સામાં જો ટ્રાયલ પોતાની મંજીલ સુધી પહોંચે તેમ છતાં ફોર્મ–સી ના આધારે આરોપીનો ગુનો સજા પાત્ર થશે નહી અને ટ્રાયલ ચલાવવામાં કોર્ટનો ઘણો કિંમતી સમય વ્યર્થ થઈ જાય એમ છે. વિશેષમાં, હાલના કિસ્સામાં ઘણા પ્રયત્નો કરવા છતાં આરોપી મળી આવતા નથી જેથી હાલના કેસમાં કલમ–૨૫૮ હેઠળ પ્રોસીડીંગ્સ સ્ટોપ કરવા અને આરોપીને ડીસ્ચાર્જ કરવા ન્યાયોચીત જણાય છે. જેથી હું નીચે મુજબનો હુકમ કરુ છું.**

**<u>–: હુ ક મ :–</u>**

**(૧) હાલના કેસની પ્રોસીડીંગ્સ કલમ–૨૫૮ હેઠળ સ્ટોપ કરવામાં આવે છે.**

**(૨) આરોપીને મુંબઈ નશાબંધી ધારાની કલમ–૬૬(૧)(બી),૮૫(૧)(૩) હેઠળના શિક્ષાપાત્ર ગુના સબબ બીન તહોમત ઠરાવવામાં આવે છે.**

**(૩) આરોપીના બેઈલ બોન્ડ રદ્દ કરવા.**

**હુકમ આજરોજ તા.૧૦/૨/૧૮ નારોજ સહી કરી સ્પે.સીટીંગમાં જાહેર કર્યો.**

**રાજકોટ**
**તા.૧૦/૦૨/૨૦૧૮**

**( નીતુ શર્મા )**
**ચોથા અધિક જયુડી.મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**રાજકોટ.**
(UNIQ I.D.No.GJ01350)